**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી' (Teacher Aptitude Test-TAT) ના આયોજન બાબત.**

**ગુજરાત સરકાર**

શિક્ષણ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક** : ED/MSM/e-file/3/2022/5921/G

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ઇ-સાઈન મુજબ

**વંચાણે લીધા:**

1. વિભાગનો તારીખ ૨૯/૦૪/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ.
2. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તા.૨૬/૦૮/૨૦૨૫નો પત્ર ક્રમાંક:રાપબો/TAT/2025/10048-50.

**સુધારા ઠરાવ:**

ઉપર્યુક્ત ક્રમ ૧ સામે વંચાણે લીધેલ વિભાગના તા.૨૯/૦૪/૨૦૨૩ના સમાનાંકી ઠરાવથી રાજ્યની સરકારી તેમજ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક ભરતી કરવા માટે દ્વિસ્તરીય સ્વરુપે **"શિક્ષક અભિરુચિ કસોટી"** (Teacher Aptitude Test Two Tier) દાખલ કરી પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનું માળખું નિયત કરવામાં આવેલ. ઉક્ત ક્રમ ૨ સામે વંચાણે લીધેલ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૨૬/૦૮/૨૦૨૫ના પત્રથી TAT-S અને TAT-HS મુખ્ય પરીક્ષામાં બેસવા માટેની લાયકાતના ધોરણમાં તથા TAT-S અને TAT-HSના મુખ્ય કસોટીના પ્રશ્નપત્ર-૨, વિષયવસ્તુ (Content) અને પદ્ધતિશાસ્ત્ર (Pedagogy)ના માળખામાં સુધારો કરવાં દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત ક્રમ-૧ સામે વંચાણે લીધેલ વિભાગના તા.૨૯/૦૪/૨૦૨૩ના ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

- **ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટ-૨માં દર્શાવેલ TAT-S અને TAT-HSના મુખ્ય કસોટીના પ્રશ્નપત્ર-૨ (વિષયવસ્તુ અને વિષય પધ્ધતિ સજ્જતા)નું કોષ્ટક-૨ રદ કરી નીચે મુજબ કોષ્ટક-૨ ઉમેરવામાં આવે છે.**

પ્રશ્નપત્ર-૨ વિષયવસ્તુ અને વિષય પધ્ધતિ સજ્જતા)નું કોષ્ટક-૨

| અનુક્રમ | અભ્યાસક્રમ અથવા પ્રશ્ન સ્વરૂપ | ગુણભાર |
|---|---|---|
| ૧ | મુદ્દાસર જવાબ આપો (૧૫૦ થી ૧૮૦ શબ્દોમાં) સાત પ્રશ્નો (દરેક પ્રશ્નના ૦૫ ગુણ) | ૩૫ |
| ૨ | માગ્યા પ્રમાણે જવાબ આપો (૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં) સાત પ્રશ્નો (દરેક પ્રશ્નના ૦૪ ગુણ) | ૨૮ |
| ૩ | એક કે બે વાક્યમાં જવાબ આપો અગિયાર ફરજિયાત (દરેક પ્રશ્નના ૦૨ ગુણ) | ૨૨ |
| ૪ | હેતુલક્ષી પ્રશ્નો (દરેકના ૦૧ ગુણ) ખાલી જગ્યા પૂરો / જોડકાં જોડો/ સાચા-ખોટા / વગેરે (૧૫ ગુણ) | ૧૫ |
| | કુલ ગુણ | ૧૦૦ |

ઉક્ત સુધારેલ જોગવાઈ સિવાય વિભાગના તા.૨૯/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/5921/G ની અન્ય તમામ વિગતો / જોગવાઈઓ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ફાઈલ પર સરકારશ્રીની તારીખ ૦૩/૦૧/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

**ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

***e-Sign***

(એસ. જે. પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન,મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (કમિશનર શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઠરાવ ઓનલાઈન મુકવા સારું,)
- સેકશન અધિકારીશ્રી, ગ.૧/ગ.૨/છ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ -૨૦૨૬.

Signature Not Verified
Signed by:Satishkumar J Parmar
Deputy Secretary
Date:2026.01.13
11:24:11 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign